ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

SGCCI

" સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૪/૦૩/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરના સીટેક્ષ– ૨૦૨૨ (સિઝન ૨) એકસ્પો થકી વર્ષ દરમ્યાન અદ્યતન ટેકસટાઇલ મશીનરીઓમાં વધારાના રૂપિયા ૧૫૦૦ કરોડથી વધુના કેપીટલ ઇન્વેસ્ટમેન્ટની પ્રબળ સંભાવના

## ચેમ્બરે ત્રણ મહિનામાં બે વખત 'સીટેક્ષ એકઝીબીશન'નું આયોજન કર્યું, સાથે જ સરકારી વિભાગોએ પણ આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત પીએલઆઇ સ્કીમ તેમજ પીએમ–મિત્રા પાર્ક મામલે ઉદ્યોગ સાહસિકોને કરેલા દિશાસૂચનથી સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ભવિષ્યમાં કરોડોના રોકાણની સંભાવના : આશીષ ગુજરાતી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના સંયુકત ઉપક્રમે તેમજ સુરત ટેકસમેક ફેડરેશનના સહકારથી તા. ૧૨, ૧૩ અને ૧૪ માર્ચ, ૨૦૨૨ દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'સીટેક્ષ – સુરત ઈન્ટરનેશનલ ટેકસટાઇલ એક્ષ્પો– ૨૦૨૨ (સિઝન ૨)' યોજાયું હતું. ત્રિદિવસીય 'સીટેક્ષ – ૨૦૨૨ (સિઝન ૨) એકઝીબીશનનું આજે સમાપન થયું હતું.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, સીટેક્ષ એકઝીબીશનમાં ભારતમાં બનેલી અદ્યતન ટેકસટાઇલ મશીનરીઓ, યુરોપિયન મશીનરીઓ તેમજ ચાઇના તથા અન્ય દેશોમાં બનેલી અદ્યતન ટેકસટાઇલ મશીનરીઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ભારતમાં ત્રણ મહિનાના સમયગાળા દરમ્યાન એકમાત્ર સુરત ખાતે ટેકસટાઇલ મશીનરીઓ અને એન્સીલરીઓ માટે બબ્બે વખત વિશાળ એકઝીબીશન યોજાયું હતું. આથી

માત્ર ગુજરાતમાંથી જ નહી પણ દેશભરમાંથી ટેકસટાઇલ ઉદ્યોગકારોએ અને બાયર્સે સીટેક્ષ પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

ત્રણ દિવસ દરમ્યાન એકઝીબીટર્સને સ્થળ પર જ સેંકડો એરજેટ, વોટરજેટ અને રેપીયર મશીનરીના ઓર્ડર મળ્યા હતા. એના પહેલા જાન્યુઆરી– ૨૦૨૨ દરમ્યાન યોજાયેલા સીટેક્ષ એકસ્પોમાં એકઝીબીટર્સને સ્થળ પર જ રૂપિયા ૨૫૦ કરોડથી વધુની મશીનરીઓના ઓર્ડર મળ્યા હતા અને રૂપિયા ૧૩૦૦ કરોડના રોકાણની શકયતા સેવાઇ હતી. દરમ્યાન સીટેક્ષ– ૨૦૨૨ (સિઝન ૨) થકી મશીનરીઓ તેમજ એન્સીલરીઓ માટે જે મહત્વની ઇન્કવાયરી એકઝીબીટર્સને જનરેટ થઇ છે તેનું એનાલિસિસ કરવામાં આવે તો આગામી એકાદ વર્ષમાં ટેકસટાઇલ મશીનરીઓમાં વધારાના રૂપિયા ૧૫૦૦ કરોડથી વધુના કેપીટલ ઇન્વેસ્ટમેન્ટની પ્રબળ સંભાવના વ્યકત કરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પ્રદર્શનમાં નવી દિલ્હી, મુંબઇ, તિરુપુર, પાણીપત, અમૃતસર, વારાણસી, કોલકાતા, ભોપાલ, ચેન્નાઇ, ઇન્દોર, મુઝફ્ફરપુર અને ઉજ્જૈન ખાતેથી જેન્યુન બાયર્સ પ્રદર્શનની મુલાકાતે આવ્યા હતા. પ્રથમ દિવસે ૭ હજાર અને બીજા દિવસે ૮ હજાર જેટલા બાયર્સ એકઝીબીશનમાં ટેકસટાઇલની વિવિધ મશીનરીઓ જોવા માટે આવ્યા હતા. જ્યારે આજે ત્રીજા અને અંતિમ દિવસે ૬ હજાર જેટલા જેન્યુન બાયર્સ પ્રદર્શનની મુલાકાતે આવ્યા હતા. આમ ત્રણ દિવસ દરમ્યાન ૨૧ હજારથી પણ વધુ બાયર્સે સીટેક્ષ– ૨૦૨૨ (સિઝન ૨) એકઝીબીશનની મુલાકાત લીધી હતી.

સીટેક્ષ પ્રદર્શનમાં વોટરજેટ મશીન, રેપીયર મશીન, એરજેટ મશીન, હાઇ સ્પીડ વોર્પિંગ મશીન, નીડલ લૂમ્સ મશીન, સર્કયુલર નીટિંગ મશીન, વોર્પ નીટિંગ મશીન, પાવર લૂમ્સ, જેકાર્ડ ટેકનોલોજી તથા એસેસરીઝ, ટેકનીકલ ટેકસટાઇલની મશીનરીઓ તથા એસેસરીઝ ઉપરાંત સ્પીનિંગ પ્રિપરેશન માટેની મશીનરીઓ, મેન–મેઇડ ફાયબર પ્રોડકશન, સ્પીનિંગ, વાઇન્ડીગ, ટેકસ્ચ્યુરાઇઝીગ, ટ્વીસ્ટીગ, ઓકઝીલરી મશીનરી અને એસેસરીઝ, નીટિંગ એન્ડ હોઝીયરી મશીનરી, ઓન્સીલરી મશીનરી એન્ડ એસેસરીઝ, એમ્બ્રોઇડરી એન્ડ બ્રાન્ડીગ મશીનરી એન્ડ એસેસરીઝ, ગારમેન્ટ મેકીગ મશીનરી, અન્ય ટેકસટાઇલ પ્રોસેસિંગ મશીનરી, વેસ્ટ રિડકશન અને પોલ્યુશન પ્રિવેન્શન માટેના ઇકવીપમેન્ટ અને એસેસરીઝ, વોટરજેટ લૂમ્સ અને ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રી માટે ખૂબ જ ઉપયોગી ૧૦૦ ટકા વેસ્ટ વોટર રિસાયકલીગ સોલ્યુશન માટેની અદ્યતન મશીનરીઓને પ્રદર્શનમાં મુકવામાં આવી હતી.